# 'સત્સંગ પ્રવેશ-૨' પરીક્ષાર્થીઓના માર્ગદર્શન માટે તેજસ્વી પરીક્ષાર્થી દ્વારા લખાયેલ જવાબવહી

રવિવાર, ૫ જુલાઈ, ૨૦૦૯ | સમય : બપોરે ૨ થી ૪.૧૫ | કુલ ગુણ :- ૭૫

ફક્ત ગેરહાજર પરીક્ષાર્થીઓ માટે ૪ નીચેની લીટીવાળા ભાગથી કાપીને 'બારકોડવાળું' ફક્ત આ એક ૪ પૃષ્ઠ, પત્રક - A તથા પત્રક - B જોડે ભૂલ્યાં વગર પરત મોકલવું.

**ગેરહાજર પરીક્ષાર્થીની જવાબવહીનું ફક્ત આ પૃષ્ઠ જ પરત મોકલવું.**

☞ **પરીક્ષાર્થીની નામ સંબંધી વિગતની નીચે 'બારકોડ' દર્શાવેલ છે, તેને કોઈ પણ પ્રકારનું નુકશાન પહોંચાડવું નહીં તેવી ખાસ વિનંતી.**

**ફરજિયાત : પરીક્ષાર્થીએ જાતે ભરવાની વિગત**

પરીક્ષાર્થીની જન્મ તારીખ (તારીખ / મહિનો / વર્ષ) ☐☐ ☐☐ ☐☐☐☐

પરીક્ષાર્થીનો અભ્યાસ ..............................................

પરીક્ષાર્થીના જ નામવાળી જવાબવહી અને ઉપરની ફરજિયાત ભરવાની તેની જ વિગતોની સત્યાર્થતા ચકાસીને વર્ગસુપરવાઈઝરે સહી કરવી.

વર્ગસુપરવાઇઝરની સહી ..............................................

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલ ગુણ |
|---|---|---|
| | ૧ (૯) | |
| | ૨ (૬) | |
| | ૩ (૫) | |
| | ૪ (૫) | |
| | ૫ (૫) | |
| | ૬ (૮) | |
| વિભાગ - ૧, કુલ ગુણ | | |

| મોડરેશન વિભાગ માટે જ | પ્રશ્ન નં. (ગુણ) | મેળવેલ ગુણ |
|---|---|---|
| | ૭ (૯) | |
| | ૮ (૬) | |
| | ૯ (૫) | |
| | ૧૦ (૫) | |
| | ૧૧ (૬) | |
| | ૧૨ (૬) | |
| વિભાગ - ૨, કુલ ગુણ | | |

☞ **પાછળ લખેલી સૂચનાઓનું અવશ્ય પાલન કરવું.**

**મોડરેશન વિભાગ માટે જ**

ગુણ શબ્દોમાં . . . . . . . . . . . .

ચેકર - નામ

**પેપર તપાસનાર(પરીક્ષક)ની સહી**

..................................

## પરીક્ષાર્થીઓને અગત્યની સૂચના :-

૧. **આગળના મુખ્ય પૃષ્ઠ ઉપર પરીક્ષાર્થીની નામ સંબંધી વિગતની નીચે બારકોડ દર્શાવેલ છે, તેને કોઈપણ પ્રકારનું નુકશાન પહોંચાડવું નહીં તેવી ખાસ વિનંતી.**

૨. પરીક્ષાર્થીએ ખૂબ જ સ્પષ્ટ તથા સુંદર અક્ષરે આગળના પાનામાં માંગ્યા મુજબ વિગતો ભરવી ફરજિયાત છે.

૩. આપે ઉત્તરવહીમાં (જવાબવહીમાં) ક્યાંય કોઈ પણ જગ્યાએ આપનું નામ લખવાનું નથી.

૪. મુખ્ય પરીક્ષા દિને વર્ગખંડમાં હાજર રહેલા પ્રત્યેક પરીક્ષાર્થી ભૂલ્યા વગર પોતાના જ નામવાળી જવાબવહી ઉપર વર્ગસુપરવાઇઝરની સહી કરાવી લે.

૫. **વર્ગસુપરવાઇઝરની સહી વગરની જવાબવહી માન્ય ગણાશે નહીં.**

૬. પ્રશ્નના ગુણ → | ગુણ : ૧ | | ← પરીક્ષકે પ્રશ્ન તપાસીને મૂકવાના ગુણની જગ્યા

૭. **પરીક્ષાર્થી ફક્ત વાદળી અથવા ફક્ત કાળી શાહીવાળી પેનથી જ જવાબવહીમાં ઉત્તરો લખે. પેન્સિલથી, લાલ, લીલી કે અન્ય શાહીથી અથવા એકથી વધારે શાહીથી લખેલા ઉત્તરો માન્ય ગણાશે નહીં.**

૮. પ્રશ્નોના જવાબ સૂચના મુજબ આપવા. છેકછાકવાળા જવાબો માન્ય ગણાશે નહીં.

૯. **પરીક્ષા ખંડની બહાર** કે અન્ય તમામ પરીક્ષાર્થીઓથી અલગ કે પરીક્ષાના નિયમોનું ઉલ્લંઘન કરીને આપેલી પરીક્ષા માન્ય ગણાશે નહિ.

૧૦. **પરીક્ષા કાર્યાલય, અમદાવાદની પૂર્વ મંજૂરી લીધા સિવાય, મૂળ પરીક્ષાર્થીના બદલે 'લહિયા', 'ડમી રાઈટર' કે 'અન્ય વ્યક્તિ' દ્વારા લખાઈને આવેલ પરીક્ષાની જવાબવહી રદ ગણવામાં આવશે. એકથી વધારે પ્રકારના જુદા જુદા અક્ષરોવાળા ઉત્તરો માન્ય નહિ ગણાય.**

૧૧. **જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલ ઉત્તર માન્ય ગણાશે નહિ.**

## *Important Instructions For Satsang Exam Students*

1. **Please do not damage in any way the bar code printed on the front page.**
2. Please write clearly and legibly.
3. Do not write your name on the answer book.
4. On the day of the Final Satsang Examinations, all examinees should obtain the signature of the class supervisor on the answer sheet bearing their own personal details only.
5. Answer books without the signature of the Class Supervisor will be considered **NOT VALID.**
6. Marks for Question → | 1 Mark | | ← Space for Examiner to write marks
7. **Write your answers with either a blue or black pen only. Answers written in pencil, or with a red, green or any other coloured pen will not be considered valid. Answers written in more than one coloured ink will not be considered valid.**
8. Follow the instructions while answering. Answers crossed out will not be considered valid.
9. Examinations taken at **unauthorized locations** or in which the exam rules have been violated will not be considered valid.
10. **Without the prior permission of the Pariksha Karyalay in Ahmedabad, answer papers written by substitute writers in place of the original candidate will not be accepted. Answer papers with more than one type of handwriting will not be accepted.**
11. **Answers written on extra pages will not be considered valid.**

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૧ | |
|---|---|---|



## વિભાગ - ૧ : કિશોર સત્સંગ પ્રવેશ

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

૧. ''સ્વામી તો એક રામાનંદ જ.''

કોણ કહે છે ? લાધીબાઈ કોને કહે છે ? હરિભક્તને

ક્યારે કહે છે ? લાધીબાઈને બોલાવવા ગયેલા હરિભક્તે કહ્યું સહજાનંદ સ્વામી પધાર્યા છે અને આપને દર્શન કરવા બોલાવે છે ત્યારે.

ગુણ : ૩

૨. ''કેમ, પટેલ સુખી છે ને ?''

કોણ કહે છે ? મહારાજ કોને કહે છે ? પટલાણીને

ક્યારે કહે છે ? દીકરો ધામમાં ગયા પછી ઘીનો ગાડવો લઈને આવેલા દેવજીભાઈના પત્નીને ઓળખી જતાં મહારાજે પૂછ્યું.

ગુણ : ૩

૩. ''હજી તમાકુ ખપી નથી.''

કોણ કહે છે ? કાશીદાસ કોને કહે છે ? મહારાજને

ક્યારે કહે છે ? કાશીદાસ ગઢડે તમાકુ વેચવા જતાં અને મહારાજનો સમાગમ કરતા. મહારાજ ઘરે જવાની આજ્ઞા કરે ત્યારે કહેતા.

ગુણ : ૩

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. વ્યાપકાનંદ સ્વામીને ખ્યાલ આવ્યો કે શ્રીજીમહારાજની નાની-મોટી આજ્ઞા કેટલી સચોટ છે.

થાનગઢ પાસે વાસુકીનાગના પુરાતની મંદિરના ઘુંમટમાં નૃત્ય કરતી પાષાણની પૂતળીઓમાં સ્વામીની વૃત્તિ ચોંટી ગઈ. એકાએક પૂતળીઓ નાચવા લાગી ત્યારે સ્વામીને ખ્યાલ આવ્યો કે મહારાજની આજ્ઞા કેટલી સચોટ છે. સાધુને સ્ત્રીની મૂર્તિપ્રતિમા ન જોવાનો નિષેધ સમજાયો.

ગુણ : ૨

૨. ગોલિડા ગામના સીમાડામાં જમ બળવા લાગ્યા.

ગોલિડા ગામના ચાર બ્રાહ્મણ ભાઈઓએ મહારાજ પાસે વર માંગ્યો હતો કે અમારા ગામની સીમમાં કોઈને પણ જમ લેવા ન આવે. સત્સંગના દ્વેષી માણસના અંતકાળે તેને લેવા આવેલા જમ સીમાડામાં પેઠા ને બળવા લાગ્યા.

ગુણ : ૨

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૨ | |
|---|---|---|

૩. શ્રીજીમહારાજે વિષ્ણુયાગ, જન્માષ્ટમી, એકાદશી આદિક ઉત્સવો કરાવ્યા.

કોઈક પાપી જીવ હોય અને તેને પણ જો અંતકાળે સમૈયા ઉત્સવની સ્મૃતિ થઈ આવે તો તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય માટે શ્રીજીમહારાજે વિષ્ણુયાગ, જન્માષ્ટમી, એકાદશી આદિક ઉત્સવો કરાવ્યા.

| ગુણ : ૨ | |
|---|---|

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૩ ''સગરામ'' - પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

વઢવાણ પાસેના લીમલી ગામનો સગરામ જાતે વાઘરી તેને મુક્તાનંદ સ્વામીએ વર્તમાન ધરાવી સત્સંગી કર્યો. બ્રાહ્મણ કરતાં પણ અધિક આચાર પાળતો. પરસ્ત્રીને અડાય તો ઉપવાસ. અગણોત્તરામાં ભારે દુકાળ પડવાથી સગરામ પોતાની સ્ત્રી સાથે મુક્તાનંદ સ્વામી સૂરત બિરાજતા હતા તેથી ત્યાં જવા નીકળે છે. રસ્તામાં તેના પગે શેર ભારનો રૂપાનો તોડો અથડાય છે. ખરાબ વખત હોવાથી પોતાની સ્ત્રીનું મન તેમાં લોભાય નહિ તેથી ધૂળ વાળી. સગરામની પત્ની મહારાજનું સ્મરણ કરતી પાછળ આવે છે. તેણે સગરામને કંઈક કરતાં જોયો તેથી પૂછ્યું, સગરામે બધી વાત કરી. આથી તેની સ્ત્રીએ કહ્યું કે 'ધૂળ પર ધૂળ શું વાળો છો. હું તો પારકી વસ્તુને ધૂળ જ સમજું છું.' થોડાક આગળ જતાં કેટલાક લોકોએ સગરામને હલકા વરણનો જાણી તોડા વિષે પૂછ્યું. સગરામે તેની એંધાણી આપી. વિશ્વાસ ન આવવાથી સગરામને સાથે લીધો. તોડો એમનો એમ પડેલો જોઈ આશ્ચર્ય થયું. બક્ષિસ આપવા લાગ્યા. ત્યારે વિનયથી કહ્યું : 'અમે સ્વામિનારાયણના ભગત, અમારો ધરમ સાચવીએ.' ભાવનગરના વજેસિંહ દરબારે સગરામને મળવા બોલાવ્યો. તને સ્વામિનારાયણે કંઈ પરચો બતાવ્યો છે. ત્યારે સગરામે કહ્યું 'આપ ખાવંદ ધણી, આપના ખોળામાં મને બેસવા મળ્યું એ જ મારે મન પરચો. અમે વાઘરી પશુ જેવા તે સ્વામિનારાયણે ધરમ નિયમ આપી શુદ્ધ બનાવ્યા. વાઘરીને વૈષ્ણવ બનાવ્યો. બાપુ રાજી. સગરામની સાચી ભક્તિથી મહારાજ રાજી. એક વખત સગરામના મનમાં વિચાર આવ્યો. મહારાજ મારા કૂબામાં પધારે તો કેવું સારું ! દયાળુ પ્રભુ રાત્રે છાના માના સગરામના કૂબામાં આવી પહોંચ્યા. સગરામ નાચવા કૂદવા લાગ્યો. મારા કૂબામાં હાથી પેઠો. વાઘરીના ઘરમાં વળી ભગવાન ક્યાંથી ? સગરામને ઘેર ધાન જમ્યા. સગરામ વિદ્વાન ઘણો, શિયાણીના શિવરામ ભટ્ટને પ્રશ્નોત્તરીમાં પાછા પાડી મહારાજના આશ્રિત બનાવ્યા.

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૩ | | પ્ર-૪ | |
|---|---|---|---|---|

..........

..........

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

૧. મહાભારતમાં માંસભક્ષણ નિષેધ વિષે શું કહ્યું છે ? ગુણ : ૧

એક પુરુષ દર મહિને અશ્વમેધ યજ્ઞ કરે અને બીજો પુરુષ મદ્યમાંસનો ત્યાગ કરે તે બંને સરખા છે.

૨. કયા બે સંતો ફરતાં ફરતાં નેનપુર દેવજીભાઈને ત્યાં પધાર્યા ? ગુણ : ૧

કૃપાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી નૈનપુર દેવજીભાઈને ત્યાં પધાર્યાં.

૩. આત્માનંદ સ્વામી સંપ્રદાયમાં બીજા કયાં બે નામથી ઓળખાતા ? ગુણ : ૧

આત્માનંદ સ્વામી સંપ્રદાયમાં ભાઈ સ્વામી, ભાયાત્માનંદ સ્વામી અને વૃદ્ધાત્માનંદ સ્વામીના નામથી ઓળખાતા.

૪. શ્રીજીમહારાજે સંતોને કોને ત્યાં લક્ષ્મીનારાયણની મૂર્તિઓ લેવા મોકલ્યા ? ગુણ : ૧

શ્રીજીમહારાજે સંતોને વડોદરા અમીચંદ શેઠને ત્યાં લક્ષ્મીનારાયણની મૂર્તિઓ લેવા મોકલ્યા.

૫. દૂબળી ભટ્ટનું મૂળ નામ શું હતું ? ગુણ : ૧

દુબળી ભટ્ટનું મૂળ નામ રણછોડજી મહારાજ હતું.

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૫** ''સત્સંગ થાય પણ સંગ વિના.....'' - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો. (કુલ ગુણ : ૫)**

**''સત્સંગ થાય પણ સંગ વિના સત્સંગનું સુખ ન આવે, કેની પેઠે તો જેમ ખાધાનું મળે પણ ખાધા વિના તેનું સુખ ન આવે, તેમજ લૂગડાં, ઘરેણાં મળે તો પણ પહેર્યા વિના તેનું સુખ ન આવે, તેમ સંગ વિના સત્સંગનું સુખ આવે નહિ.''**

ભવબ્રહ્માદિક દેવતાઓને દુર્લભ એવો સત્સંગ આપણને મળ્યો છે. તેનો જેટલો લાભ તેટલું સુખ થાય. ગંગા કિનારે ઊભા રહીને પાણી ન પીએ તો તરસ ન છીપે. ચંદનના વૃક્ષ ઉપર સાપ આખો વીંટળાઈ જાય છે પણ મોઢું દૂર રાખે છે તો ઝેર જતું નથી. એક ગામમાં એક વાણિયો રહેતો હતો. તે તેલપળીનો ધંધો કરતો હતો. એક મહાત્મા તપ કરવા જતા હતા. તે વાણિયાની દુકાને આવી ચડ્યા. તેમણે ગરીબ વાણિયાને ત્યાં પારસમણિ સાચવવા આપ્યો. મહાત્માએ કહ્યું : આ પારસમણિ છે. લોઢાને અડાડીશ તો સોનું થઈ જશે. તારું દારિદ્રય દૂર થઈ જશે. વેપારમાં પડેલા વાણિયાએ તેને ગોખલામાં મૂકવા કહ્યું : છ મહિને મહાત્મા પાછા ફરતાં મનમાં વિચાર

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૫ | | પ્ર-૬ | |
|---|---|---|---|---|

કરતાં હતાં. વાણિયો સુખી થઈ ગયો હશે ? પણ ગામમાં આવીને જોયું તો વાણિયો એજ હાલતમાં ધંધો કરતો હતો. મહાત્માએ પારસમણિ પાછો માગ્યો ત્યારે વાણિયાએ કહ્યું જ્યાં મૂક્યો હોય ત્યાં સંભાળો. મહાત્માએ ગોખલામાં જોયું તો પારસમણિ પર ધૂળ ચડી ગઈ હતી. વાણિયો પારસમણિનો મહિમા સમજી શક્યો ન હતો. મહાત્માએ તેને ઠપકો આપી પારસમણિનો ચમત્કાર બતાવ્યો. લોઢાનું સોનું થયેલું જોઈ વાણિયો કૂદવા મંડ્યો અને કહ્યું મણિ મૂકતા જાઓ. ત્યારે મહાત્માએ કહ્યું : મૂરખ છ મહિના રાખ્યો હવે તારૂં નસીબ એમ કહી મણિ લઈ ચાલતા થયા. એમ આપણને પારસમણિ જેવો સત્સંગ મળ્યો છે પણ આળસ અને પ્રમાદ નડે છે. જો મન, કર્મ, વચને સત્સંગ કરીએ તો કંચન જેવા ઉત્તમ બની જઈએ.

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૬ નીચે આપેલાં કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૮)**

૧. આપ પ્રભુ છો ધામના ધામી, બળવંતા બહુનામી હરિ, પ્રભુ..... (૨) વંદન
જીવ અનંતના મોક્ષને અર્થે, અનાદિ અક્ષર
સાથ લઈ. ગુણ : ૨

૨. બાળચરિત્ર કરી બાળ ચરિત્રો કરી આપે વન વિચર્યા, તીર્થોમાંહી ફરી જીવો પાવન કર્યા,
નીલકંઠ નામ ધરાવતા હો... વંદન આનંદ ઘનશ્યામને ..... સ્નેહભર્યા..
વલ્કલ વસ્ત્ર ધરી, પુલ્હાશ્રમે રહ્યા, બ્રહ્મરૂપ તેજ કરી, મોટા જોગી થયા......
નિજ સ્વરૂપ સમજાવતા હો. ગુણ : ૨

૩. એકાન્તિકં સ્થાપયિતું ધરાયાં
ધર્મં પ્રકુર્વન્તમમૂલ્યવાર્તાઃ ।
વચઃસુધાશ્ચ પ્રકિરન્તમૂર્વ્યાં શ્રી સ્વામિનારાયણમા નમામિ. ગુણ : ૨

૪. સર્વધર્માન્ ....... મા શુચઃ ॥ – શ્લોકનું ગુજરાતી ભાષાંતર લખો.
તું સર્વ ધર્મને - ધર્મના બળને છોડી દઈને મને એકને જ શરણ પામ ! હું તને સર્વ પાપ થકી મુકાવીશ. તું કોઈ શોક કરીશ મા.

ગુણ : ૨

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૭ | |
|---|---|---|

## વિભાગ - ૨ : શાસ્ત્રીજી મહારાજ

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

૧. ''આપ અમારી સહાયમાં રહેજો અને અખંડ ભેગા રહેજો.''

કોણ કહે છે ? સ્વામીશ્રી કોને કહે છે ? હરિકૃષ્ણ મહારાજને

ક્યારે કહે છે ? સ્વામીશ્રીને વડતાલથી છૂટા પડવાના સંજોગો ઉત્પન્ન થયા ત્યારે વડતાલથી નીકળતી વખતે મંદિરમાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ આગળ પ્રાર્થના કરતાં કહે છે.

ગુણ : ૩

૨. ''તમારી મરજી અને આજ્ઞા હોય તો હિંમત છે.''

કોણ કહે છે ? ગલભાઈ કોને કહે છે ? શાસ્ત્રીજી મહારાજને

ક્યારે કહે છે ? શાસ્ત્રીજી મહારાજે વડતાલ ચૈત્રી પૂનમના સમૈયામાં અક્ષરપુરુષોત્તમ મહારાજની જય બોલાવવાનું કહ્યું ત્યારે.

ગુણ : ૩

૩. ''તેમને આશીર્વાદ આપો કે તમારા જેવા ગુણ તેમનામાં આવે.''

કોણ કહે છે ? શાસ્ત્રીજી મહારાજ કોને કહે છે ? યોગી સ્વામીને

ક્યારે કહે છે ? સદ્‌ગુરુ નારાયણસ્વરૂપદાસજીની સંસ્થાના પ્રમુખ તરીકેની વરણી કરતી વખતે કહે છે.

ગુણ : ૩

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. શાસ્ત્રીજી મહારાજ વરતાલ છોડવા તૈયાર ન હતા.

કારણ કે ભગતજી મહારાજે શાસ્ત્રીજી મહારાજને કહ્યું હતું કે 'તમારા કટકા કરી નાખશે તો હું સાંધી દઈશ પણ વરતાલનો દરવાજો છોડશો નહી.

ગુણ : ૨

૨. જાગા ભક્ત રાજી થઈને બોલી ઊઠ્યા, ''આવો બાપ ! બહુ રાહ જોવરાવી ?''

જીભાઈ કોઠારીએ જાગાભક્તને સભામાં તથા આસને કથાવાર્તાની બંધી ફરમાવી હતી. યજ્ઞપુરુષદાસજીએ જીભાઈ કોઠારીને જાગાસ્વામીનો મહિમા સમજાવી બંધી છોડાવી તેથી જાગાસ્વામી બોલ્યા.

ગુણ : ૨

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૮ | | પ્ર-૯ | |
|---|---|---|---|---|

૩. ભગતજી રાજી થઈને બોલ્યા, 'ઓત્તારો ભલો થાય યજ્ઞપુરુષદાસ !'

ચાણસદમાં દાજીભાઈએ યજ્ઞપુરુષદાસજીએ ભગતજી મહારાજ માટે હરિકૃષ્ણ મહારાજનો પ્રસાદીનો, મોગરાની કળીનો હાર તથા એક તુંબડી ભેટ મોકલી હતી તે અર્પણ કરે છે. તે જોઈને બહુ રાજી થયેલા ભગતજી મહારાજ કહે છે.

| ગુણ : ૨ | |
|---|---|

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

**પ્ર.૯** ''ઠાકરિયો વીંછી'' - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

યજ્ઞપુરુષદાસજીએ કથાવાર્તા કરી હરિભક્તોને ખૂબ જ આનંદ કરાવ્યો, ત્યારબાદ ડભોઈમાં પુરાણી મોરલીધરદાસને ભગતજીનો અભાવ હતો. તે વાતો કરી કાઢી નાખ્યો અને ભગતજીનો મહિમા સમજાવ્યો. ભગતજીને વાતની ખબર પડતાં કહે છે 'યજ્ઞપુરુષદાસજી તો ઠાકરિયો વીંછી છે. તે જ્યાં જશે ત્યાં મુમુક્ષુને ચટકા મારીને પ્રત્યક્ષ ભગવાન અને પ્રત્યક્ષ સંતની ઓળખાણ કરાવશે. પુરાણી મોરલીધરદાસ પણ તેમની વાતો - 'વાહ વાહ, યજ્ઞપુરુષદાસ ! તેં તો વાતો કરી અંતર ઠારી દીધું. મારી આટલી વૃધ્ધ ઉંમરમાં મેં હજુ સુધી આવી વાતો સાંભળી નથી. તમે તો હદ વાળી દીધી. અમારી સૌની હઠ, માન અને ઈર્ષ્યાની ગ્રંથિઓ ઓગાળી દીધી. એમ કહી આવા વૃધ્ધ સાધુ ભરી સભામાં દંડવત્ કરવા લાગ્યા. ત્યારે યજ્ઞપુરુષદાસે તેમને દંડવત્ કરતા રોક્યા. યજ્ઞપુરુષદાસજી વડોદરામાં રંગાચાર્ય નામના વિદ્વાન શાસ્ત્રી પાસે સિદ્ધાંત કૌમુદીનો અભ્યાસ શરૂ કર્યો. યજ્ઞપુરુષદાસજી ભણવામાં હોંશિયાર હતા. યજ્ઞપુરુષદાસે રંગાચાર્યને ભગતજી મહારાજનો મહિમા કહેતા અને કહેતા તેમનામાં બ્રહ્મના બધા જ ગુણો છે. આથી રંગાચાર્યને ભગતજી મહારાજના દર્શનની તીવ્ર ઈચ્છા થઈ.



ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો [ ] ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૧૦ | | પ્ર-૧૧ | |
|---|---|---|---|---|

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

૧. દોલતરામના જીવમાં કઈ વાત ઠસી ગઈ ? ગુણ : ૧

ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે તથા અક્ષર સહિત પુરુષોત્તમની નિષ્ઠા અને એ બંને સ્વરૂપો શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ દ્વારા પ્રગટ જ છે' એ વાત દોલતરામના જીવમાં ઠસી ગઈ.

૨. ગુણાતીતાનંદ સ્વામીએ મોટા ગોખરવાળાના કયા હરિભક્તને દર્શન આપ્યાં ? ગુણ : ૧

ગુણાતીતાનંદ સ્વામીએ મોટા ગોખરવાળાના અરજણભાઈ નામના હરિભક્તને દર્શન આપ્યાં.

૩. ડુંગર ભક્તનાં માતા-પિતાનું નામ શું હતું ? ગુણ : ૧

ડુંગર ભક્તના માતાનું નામ હેતબા અને પિતાનું નામ ધોરીભાઈ હતું.

૪. શાસ્ત્રીજી મહારાજે શંકરાચાર્ય માધવતીર્થને શું કહેવડાવ્યું ? ગુણ : ૧

શાસ્ત્રીજી મહારાજે શંકરાચાર્ય માધવતીર્થને કહેવડાવ્યું કે 'અમે અને વરતાલવાળા એક જ છીએ.'

૫. શાસ્ત્રીજી મહારાજે કોની અંતિમ સેવા કરવાનો લાભ લીધો ? ગુણ : ૧

શાસ્ત્રીજી મહારાજે જાગા ભક્તની અંતિમ સેવાનો લાભ લીધો.

**ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા**

**પ્ર.૧૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૬)**

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. બાળ ડુંગર ભક્તની રમતો. ગુણ : ૨

(૧) [ ] આંબળી-પીપળી રમે (૨) [ ] ચળું કરે

(૩) [ ] પથ્થરનાં મંદિરો બનાવે (૪) [✔] ઠાકોરજીની મૂર્તિઓ પધરાવે

૨. ચૈત્રી પૂનમે શાસ્ત્રીજી મહારાજ વિરુદ્ધ બપોરની સભા. ગુણ : ૨

(૧) [ ] સારંગપુરથી પટારો ભરી રૂપિયા વઢવાણ મોકલ્યાનો જીભાઈ કોઠારીનો આક્ષેપ.

(૨) [✔] આવા સાધુતાના ગુણે યુક્ત સંતની પાછળ પડ્યા છો. - કાળિદાસભાઈનો પડકાર

(૩) [✔] શાસ્ત્રી શુદ્ધ છે.

(૪) [ ] આ તો બધું સાધુઓનું અને ગોરધનભાઈ કોઠારીનું તૂત છે.

૩. અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતની પુષ્ટિ કરતા વિજ્ઞાનાનંદ સ્વામી. ગુણ : ૨

(૧) [ ] જાગા સ્વામીનો સમાગમ કરી લેવાની યજ્ઞપુરુષદાસજીને આજ્ઞા.

(૨) [✔] શ્રીજીમહારાજના મુખે મેં જાતે ગઢડામાં સાંભળ્યું છે કે તેઓ સર્વોપરી ભગવાન છે.

(૩) [✔] શ્રીજીમહારાજને સર્વોપરી ભગવાન તું પણ સમજ.

(૪) [ ] ગુણાતીતાનંદ સ્વામીની કૃપાથી જાગા સ્વામીને બ્રહ્મસ્થિતિ સિદ્ધ થઈ છે.

**ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ [ ] ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા**

| મોડરેશન વિભાગે જ ભરવું | ગુણ : પ્ર-૧૨ | |
|---|---|---|

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૬)**

**નોંધ : સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **સદ્‌ગુરુની શોધમાં :-** વડતાલમાં પાર્ષદોનો પરિચય કરતાં કરતાં મોરલીધરદાસ પુરાણીના આસને ઝીણાભાઈને પુરાણીના દર્શન કરી, તેમના વચનામૃત સાંભળી મનમાં શાંતિ થઈ ગઈ.

જ. વડતાલમાં **સંતો**નો પરિચય કરતાં કરતાં **વિજ્ઞાનાનંદ સ્વામીના** આસને **ડુંગર ભક્તને સ્વામીના** દર્શન કરી, **તેમની વાતો** સાંભળી **અંતરમાં** શાંતિ થઈ ગઈ.

ગુણ : ૧

૨. **સુવર્ણ જયંતી :-** ૭૫મી જયંતીએ બોચાસણમાં સ્વામીશ્રીની સાકરતુલા કરવાનો નિર્ણય વિદ્યાધિકારી ચંદુલાલ પટેલે કર્યો.

જ. **૮૫**મી જયંતીએ **અટલાદરા**માં સ્વામીશ્રીની **સુવર્ણથી તુલા** કરવાનો નિર્ણય **સૌએ** કર્યો.

ગુણ : ૧

૩. **ચમત્કારની પરંપરા :-** આઠ વર્ષના ડુંગર ભક્ત પડોશીના મરણ પ્રસંગે અમરેલી ગયા. સૌ ક્રિયા કરવામાં પડ્યા ત્યારે ડુંગર ભક્ત ગામમાં પુસ્તકાલય શોધી પુસ્તકો વાંચવા લાગ્યા.

જ. **છ** વર્ષના ડુંગર ભક્ત **કુટુંબી**ના **લગ્ન** પ્રસંગે **કરમસદ** ગયા. સૌ **લગ્ન માણવામાં** પડ્યા ત્યારે **ડુંગર ભક્ત** ગામમાં **મંદિર** શોધી **ભગવાનની સેવા-પૂજા અને કથાવાર્તા કરવા લાગ્યા.**

ગુણ : ૧

૪. **અંતર ચોખ્ખાં કરવાની સાવરણી :-** કોઠારીએ રાજકોટ કથા કરવાની આજ્ઞા કરી તેમાં ત્રણ હેતુ હતા. પુરાણો ભણાય, ગોંડલ નજીક તેથી ગોપાળાનંદ સ્વામીના કૃપાપાત્ર અદાશ્રીનો યોગ રહે.

જ. **ભગતજી**એ રાજકોટ **ભણવાની** આજ્ઞા કરી તેમાં **બે** હેતુ હતા. **સંસ્કૃત વિદ્યા** ભણાય, જૂનાગઢ નજીક તેથી **ગુણાતીતાનંદ** સ્વામીના કૃપાપાત્ર **જાગા ભક્તનો** યોગ રહે.

ગુણ : ૧

૫. **બોચાસણમાં પ્રથમ અક્ષરપુરુષોત્તમ મંદિર :-** બેચરભાઈએ વિરોધીઓને સ્પષ્ટ સુણાવી દીધું, ''મારા ગામમાં હવેલી થાય તેમાં તમારે શું ? મહારાજ તો મારા ભગવાન છે.''

જ. **હીરાભાઈએ** વિરોધીઓને સ્પષ્ટ સુણાવી દીધું, ''મારા ગામમાં **મંદિર** થાય તેમાં **મારી શોભા છે. સ્વામી** તો મારા **ગુરુ** છે.''

ગુણ : ૧

૬. **દીક્ષા મહોત્સવ :-** ઈ. સ. ૧૮૪૮માં માગશર સુદ આઠમે ડુંગરભક્તે ગૃહત્યાગ કરવાનું નક્કી કર્યું. આ પ્રસંગે આચાર્ય ભગવત્પ્રસાદજી મહારાજે છઠ્ઠને દિવસે સમૈયો કરી ડુંગર ભક્તને ગૃહત્યાગ કરાવી જ્ઞાનજીવનદાસ નામ પાડ્યું.

જ. **સંવત ૧૯૩૯**માં **કાર્તિક વદિ પાંચમના દિવસે** ડુંગરભક્તને **દીક્ષા આપવાનું** નક્કી કર્યું. આ પ્રસંગે આચાર્ય **વિહારીલાલજી** મહારાજે **પાંચમને** દિવસે **યજ્ઞ** કરી ડુંગર ભક્તને **દીક્ષા આપી યજ્ઞપુરુષદાસ** નામ પાડ્યું.

ગુણ : ૧

ઉપરના પ્રશ્નના આપેલા કુલ ગુણનો સરવાળો ☞ ☜ ફક્ત આ જ ગુણ મુખ્ય પૃષ્ઠ ઉપર લખવા